NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Nirma University
Library Resource Centre

Publication: **Divya Bhaskar City**
Edition: **Ahmedabad**
Date & Day: **16/01/2022 (Sun)**
Page No: **01**

### હાલમાં IIT-બોમ્બે અને IIT-ગાંધીનગરમાં કાર્યરત છે આ લેબ

# સ્ટુડન્ટ્સના ઇનોવેશન-આઇડિયાઝને સપોર્ટ સાથે નિરમામાં ટિંકરર્સ લેબની શરૂઆત કરાશે

**ધારા રાઠોડ, અમદાવાદ** | હાલના સમયમાં એજ્યુકેશનની શ્રેષ્ઠ રીત એટલે લર્નિંગ બાય ડુઈંગ. સ્ટુડન્ટ્સને ઈન્ડસ્ટ્રી ઈનસાઈટ અને પ્રેક્ટિકલ નોલેજ મળી રહે તે હેતુ સાથે નિરમા યુનિવર્સિટીમાં ટિંકરર્સ લેબનું નિર્માણ કરવામાં આવશે. નિરમા યુનિવર્સિટી કેલિફોર્નિયાની મેકર ભવન ફાઉન્ડેશન સાથે મળીને આ લેબની શરૂઆત કરશે. વિદ્યાર્થીઓની ક્રિએટીવિટી અને એન્જિનિયરિંગ સ્કિલ્સને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ટિંકરર્સ લેબની સ્થાપના કરવામાં આવી રહી છે. નિરમા યુનિવર્સિટી ખાતે આગામી માર્ચ 2022 સુધીમાં આ લેબ કાર્યરત થશે જે વિદ્યાર્થીઓ માટે 24 કલાક ઓપન રહેશે. લેબમાં વિદ્યાર્થીઓને પ્રોટોટાઈપ વિકસાવવા માટે સાધન, સામગ્રી, ટેકનિશિયન અને ફેકલ્ટી સપોર્ટ પણ આપવામાં આવશે.

## સ્ટુડન્ટનો કોન્ફિડન્સ વધશે અને તે વધારે ઇનોવેશન કરી શકશે



ટિંકરર્સ લેબમાં એક્સપેરિમેન્ટ અને ટ્યુટોરિયલ દ્વારા વિદ્યાર્થીઓ લાઈવ લર્નિંગ મેળવી શકશે. અગાઉ, સ્ટુડન્ટ અસેસમેન્ટ ફક્ત ક્લાસરુમ એક્ઝામિનેશન પરથી થતું જ્યારે હવે 60% પ્રેક્ટિકલ એક્સપેરિમેન્ટ, ગ્રૂપ ડિશક્શન, સ્મોલ એક્ઝામિનેશન અને 40% ક્લાસરુમના આધારે કરવામાં આવશે. આ લર્નિંગથી સ્ટુડન્ટનો કોન્ફિડન્સ તો બુસ્ટ થશે જ સાથે તેઓ વધારેને વધારે ઈનોવેશન કરી શકશે. -ડૉ. અનુપ કે. સિંઘ, ડાયરેક્ટર જનરલ, નિરમા યુનિવર્સિટી

## વિદ્યાર્થી જાતે જ પોતાને તૈયાર કરી શકે છે

ટિંકરર્સ લેબ એક એવું પ્લેટફોર્મ છે કે જ્યાં વિદ્યાર્થીઓ થિયેરિટકલ પ્રોબ્લસને પ્રેક્ટિકલ કરીને સમજી શકે છે સાથે જ એન્જિનિયરિંગ ક્ષેત્રે આઈડિયેશન અને ઈનોવેશન કરીને પોતાની જાતને ભવિષ્યની ઈન્ડસ્ટ્રી ડિમાન્ડ માટે જાતે જ તૈયાર કરી શકે છે. આ લેબના માધ્યમથી સ્ટુડન્ટ્સ DIY મેકેનિઝ્મથી ડિઝાઈન ડ્રિવન ટેક્નોલોજી ઈનોવેશન કરી શકે છે. હાલમાં ટિંકરર્સ લેબ IIT-બોમ્બે અને IIT-ગાંધીનગરમાં કાર્યરત છે.